For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in


દિવાળી વેકેશનમાં એક તરફ સન્નાટો, બીજી તરફ ઓવર ક્રાઉડથી ટ્રાફિક

સુરત



(તસવીર : સતીષ જાદવ)

દમણ



■ દિવાળી વેકેશનમાં સુરતીઓ રજા માણવા વિવિધ પ્રવાસન સ્થળે ઉમટી પડ્યા છે જેથી સુરત શહેરના રસ્તાઓ ખાલીખમ ભાસી રહ્યા છે. શહેરના રસ્તાઓ પર સન્નાટો જોવા મળે છે. તો બીજી તરફ દમણમાં પર્યટકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. નાની દમણના નમોપથ અને મોટી દમણના જામપોર રામસેતુ ખાતે મોટી સંખ્યામાં સહેલાણીઓ ઊમટી પડ્યા હતા. દરિયાકિનારે હરવા-ફરવાની સાથે ખાણીપીણી અને મોજમસ્તીનો પર્યટકોએ ભરપૂર આનંદ માણ્યો હતો. જોકે, પર્યટકોના ભારે ધસારાને પગલે દમણના વિવિધ માર્ગો પર ટ્રાફિક જામનાં દૃશ્યો સર્જાતાં વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

આ શિયાળામાં સુરતમાં તાપમાન પહેલીવાર 20 ડિગ્રીથી નીચે ઉતર્યું

ઉત્તર દિશાના પવનો ફૂંકાતા તાપમાનમાં આંશિક ઘટાડો

આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ વધુ વધવાની હવામાન વિભાગની શક્યતા

સુરતઃ સુરત શહેરમાં ધીમે ધીમે ઠંડીનું આગમન થઈ રહ્યું છે. દિવાળીના સમયથી વહેલી સવારે શરૂ થયેલો ઠંડીનો અહેસાસ હવે ક્રમશઃ વધી રહ્યો છે. હવામાનમાં થઈ રહેલા ફેરફાર વચ્ચે આજે મહત્તમ અને લઘુત્તમ બંને તાપમાનમાં આંશિક ઘટાડો નોંધાયો હતો. ઉત્તર દિશામાંથી ફૂંકાઈ રહેલા પવનને કારણે આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સુરત શહેરમાં આજે મહત્તમ તાપમાન આંશિક ઘટીને ૩૫.૮ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન પણ ઘટીને ૧૯.૯ ડિગ્રી પર પહોંચ્યું હતું. આમ, રાત્રિના તાપમાનમાં ઘટાડો થતાં વહેલી સવારે ઠંડકનો અનુભવ વધુ થઈ રહ્યો છે. બીજી તરફ, હવામાં ભેજનું પ્રમાણ ૪૫ ટકા નોંધાયું હતું. જ્યારે ઉત્તર દિશામાંથી છ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. હવામાનમાં ઉત્તર દિશાના પવનનું આગમન શિયાળાની શરૂઆતના સંકેત તરીકે જોવામાં આવી રહ્યું છે. દિવાળી બાદથી વહેલી સવારે વાતાવરણમાં ઠંડક વર્તાવાની શરૂઆત થઈ હતી, પરંતુ હવે લઘુત્તમ તાપમાનમાં

...અનુસંધાન પાના 5 પર

ગયા વર્ષે સ્વચ્છતા સર્વેક્ષણ સુપર લીગમાં હરોળમાં રહેલા સુરતનો આ વખતે બીજો ક્રમ

સ્વચ્છતામાં સુરત પાછળ ધકેલાયું

સ્વચ્છતા સર્વેક્ષણ 2023-2024 માં સુરતે પ્રથમ સ્થાન સર કર્યું હતું

2024-2025 માં સુરત સુપર લીગમાં ઇન્દોર શહેર સાથે સૌથી સ્વચ્છ શહેર તેમજ 7-સ્ટાર ગાર્બેજ ફ્રી સિટી અને વોટર પ્લસ સિટી જાહેર કરવામાં આવ્યું હતું

સુરતઃ સ્વચ્છતા સર્વેક્ષણમાં અગાઉ પ્રથમ સ્થાન મેળવનાર સુરત શહેરને આ વખતે 'સ્વચ્છતા સુપર લીગ' કેટેગરીમાં દેશભરમાં બીજો ક્રમાંક પ્રાપ્ત થયો છે. જો કે ગત

...અનુસંધાન પાના 5 પર



સ્વચ્છતા માટે આટઆટલી કામગીરી છતાં?

- 773 ડોર-ટુ-ડોર વાહનો અને 360 ઇ-વાહનો દ્વારા સૂકા, ભીના, ઘરેલું જોખમી અને સ્પેશિયલ કેર કચરાનું અલગ એકત્રીકરણ તથા દરેક વાહનોનું સ્મેક સેન્ટર (SMAC) ખાતેથી મોનિટરિંગ કરવામાં આવે છે.
- ખજોદ ખાતે 2500 TPD ક્ષમતાનો સેન્ટ્રલાઇઝ્ડ વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટ તથા બમરોલી ખાતે 100 TPD Bio-CBG પ્લાન્ટ કાર્યરત છે.
- 200 મે.ટન/દિવસ ક્ષમતાનું પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ ફેસિલિટી, 300 મે.ટન/દિવસ ક્ષમતાની C&D વેસ્ટ રિસાયકલિંગ ફેસિલિટી, 01 મે.ટન ઇ-વેસ્ટ પ્લાન્ટ (ઉન) અને 06 મે.ટન

...અનુસંધાન પાના 5 પર

આ 10મી આવૃત્તિમાં વિવિધ કેટેગરી મુજબ વિજેતા બનેલા શહેરો

- **સુપર સ્વચ્છ લીગઃ** આ કેટેગરીમાં મહારાષ્ટ્રનું નવી મુંબઈ પ્રથમ સ્થાને, ગુજરાતનું સુરત બીજા સ્થાને અને આંધ્રપ્રદેશનું વિજયવાડા ત્રીજા સ્થાને વિજેતા બન્યું છે.
- **મિલિયન પ્લસ પોપ્યુલેશન કેટેગરી (10 લાખથી વધુ વસતી ધરાવતા સ્વચ્છ શહેરો):** આ શ્રેણીમાં આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ (GVMC) એ બાજી મારી છે. તેની સાથે મધ્યપ્રદેશનું જબલપુર અને ઉત્તરપ્રદેશનું લખનૌ ટોચના વિજેતા શહેરોમાં સામેલ થયા છે.
- **મેન્ટર - મેન્ટી પહેલ (સ્વચ્છ શહેર જોડી):** મોટા શહેરોના માર્ગદર્શન હેઠળ નાના શહેરોની સ્વચ્છતા સુધારવાની આ ખાસ કેટેગરીમાં ગુજરાતની અમદાવાદ-સાણંદ જોડીએ મેદાન માર્યું છે. આ ઉપરાંત ઇન્દોર-દેપાલપુર અને તિરુપતિ-કુપ્પમની જોડી પણ વિજેતા જાહેર થઈ છે.
- **ક્લીન હિમાલયન સિટીઝ (સ્વચ્છ હિમાલયન શહેરો):** પહાડી અને હિમાલયન ક્ષેત્રના શહેરોમાં ઉત્તરાખંડનું રુદ્રપુર, જમ્મુ-કાશ્મીરનું જમ્મુ અને શોપિયાં સૌથી સ્વચ્છ શહેરો

...અનુસંધાન પાના 5 પર

સ્વચ્છ સર્વેક્ષણ એવોર્ડ્સ 2025-26 જાહેરઃ નવી મુંબઈ દેશનું સૌથી સ્વચ્છ શહેર બન્યું; સુરત બીજા ક્રમે

કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA) દ્વારા 'સ્વચ્છ સર્વેક્ષણ એવોર્ડ્સ 2025-26' (10મી આવૃત્તિ) ના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે, મહારાષ્ટ્રના નવી મુંબઈએ

...અનુસંધાન પાના 5 પર

પીએમ મોદીની ગાંધીનગરમાં મંત્રીમંડળ સાથે બંધબારણે બેઠક

અંબાજીનો પ્રવાસ રદ, સરકાર અને સંગઠનના નેતાઓ એકસાથે હાજર

મોદીએ જૂના સાથીઓ સાથે પણ સંવાદ સાધ્યો, મોદીની બેઠક પર સૌની નજર, રાજકીય ઉત્સુકતા

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભાની ૨૦૨૭ની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું આજનું ગાંધીનગર આગમન માત્ર એક રાત્રિના રોકાણ કે રાત્રિભોજન પૂરતું મર્યાદિત નથી રહ્યું, પરંતુ તેના રાજકીય સંકેતોને લઈને પાટનગરમાં ભારે ચર્ચા જાગી છે. અંબાજી દર્શનનો કાર્યક્રમ છેલ્લી ઘડીએ મોકૂફ રહ્યા બાદ પણ વડાપ્રધાને ગાંધીનગર આવવાનું યથાવત્ રાખ્યું છે. એટલું જ નહીં, એરપોર્ટ પર પૂર્વ સાંસદો, પૂર્વ મંત્રીઓ અને પૂર્વ ધારાસભ્યો સાથે મુલાકાતથી લઈને લોકભવન ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, સમગ્ર મંત્રીમંડળ અને ભાજપના પ્રદેશ સંગઠનના ટોચના હોદ્દેદારોની હાજરી સુધીનાં આયોજનને કારણે આ

...અનુસંધાન પાના 5 પર

૧૩૨ દિવસ પછી ફરી મંત્રીઓ સાથે સીધો સંવાદ

વડાપ્રધાનની આ મુલાકાતમાં સૌથી વધુ ચર્ચા મંત્રીમંડળ સાથેની બેઠકને લઈને છે. અગાઉ ૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ અમદાવાદ એરપોર્ટ ખાતે મુખ્યમંત્રી અને રાજ્યના મંત્રીઓ સાથે યોજાયેલી બેઠકમાં સરકારી વિભાગોની કામગીરી, વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ અને વહીવટી કામગીરીને વેગ આપવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હવે ૧૩૨ દિવસ પછી ફરી યોજાઈ રહેલી આ બેઠકમાં સરકારની અત્યાર સુધીની કામગીરીની સમીક્ષા અને આગામી સમયની પ્રાથમિકતાઓ અંગે ચર્ચા થવાની શક્યતા છે.

પૂર્વ મંત્રીઓ-ધારાસભ્યોને પણ ખાસ આમંત્રણ

હરિદત્ત પાઠક, ગોરધન ઝાડફિયા, પ્રદીપસિંહ જાડેજા, પ્રદીપ પરમાર, ગીતાબેન, ભરત બારોટ, અરવિંદ પટેલ સહિતના જૂના નેતાઓ અને પૂર્વ ધારાસભ્યો સાથે મોદીએ મુલાકાત કરી હતી. આવતીકાલે દિલ્હી પરત ફરતી વખતે કૌશિક પટેલ સહિતના અન્ય પૂર્વ ધારાસભ્યો સાથે પણ ટૂંકી મુલાકાતનું આયોજન હોવાનું જાણવા મળે છે. બીજી તરફ, વર્તમાન મંત્રીમંડળ ઉપરાંત પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, ચારેય મહામંત્રીઓ અને સંગઠન મહામંત્રીની ઉપસ્થિતિ દર્શાવે છે કે આ મુલાકાતમાં સરકાર અને સંગઠન બંનેની હાજરીને મહત્ત્વ આપવામાં આવ્યું છે. ૨૦૨૭ની ચૂંટણી પહેલાં પક્ષના જૂના નેતાઓ, વર્તમાન સરકાર અને સંગઠન વચ્ચેના સંકલનનો મુદ્દો પણ આ બેઠકના રાજકીય સંદર્ભમાં મહત્ત્વનો બની રહ્યો છે.

પીએ - પીએસ અને કમાન્ડો વિના બેઠકની ચર્ચા, મંત્રીઓમાં ઉત્સુકતા

આ ડિનર બેઠકને લઈને બીજી એક ખાસ ચર્ચા એ છે કે મંત્રીઓને સાંજે ૭ વાગ્યે હાજર રહેવા સૂચના આપવામાં આવી છે અને બેઠકમાં મંત્રીઓના પર્સનલ આસિસ્ટન્ટ (PA), પર્સનલ સેક્રેટરી (PS) તેમજ કમાન્ડોને પ્રવેશ નહીં આપવાની સૂચના હોવાની વાત રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે. જોકે, આ વ્યવસ્થા અંગે સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી નથી. વડાપ્રધાનની ઉપસ્થિતિમાં મંત્રીઓ સાથે સીધો અને મુક્ત સંવાદ થાય તેવા સંદર્ભમાં પણ આ વ્યવસ્થાને જોવામાં આવી રહી છે.

UAEમાં અકસ્માતમાં ભાગાતળાવના 13 વર્ષીય આતીફનું મોત

કુજૈરાહમાં અકસ્માતમાં ભારતીયો સહિત 14 લોકોનાં મોત થયાં

મનસુર પરિવાર દિવાળી વેકેશન માણી આજે સુરત પરત ફરવાના હતા, એરપોર્ટ પહોંચવાના 15 કિ.મી. પહેલાં જ કાળનો કોળિયો

સુરતઃ યુનાઇટેડ આરબ અમીરાત (UAE)ના કુજૈરાહમાં સર્જાયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં ભારતીયો



સહિત 14 લોકોનાં મોત થયાં હોવાની ઘટના સામે આવી છે. આ દુર્ઘટનામાં સુરતના ભાગાતળાવ વિસ્તારમાં રહેતા મનસુર પરિવારના 13 વર્ષીય પુત્ર આતીફનું પણ મોત નીપજ્યું છે. જ્યારે આતીકના પિતા, માતા અને બહેનને ઈજાઓ પહોંચતાં સારવાર

...અનુસંધાન પાના 5 પર

અમૂલ-મધર ડેરી બાદ હવે સુમુલના દૂધના ભાવ વધવાની શક્યતા

અઠવાડિયામાં નવો ભાવ વધારો લાગુ પડી શકે

પશુઆહાર અને ઘાસચારો મોંઘા થતાં 2.50 લાખ પશુપાલકોને ટકાવી રાખવા કિલોફેટના ભાવફેરમાં પણ વધારો થવાના સંકેત

સુરતઃ મોંઘવારીથી પહેલેથી જ પરેશાન સામાન્ય પ્રજાને દૂધના ભાવવધારાનો વધુ એક આંચકો લાગ્યો છે. અમૂલ અને મધર ડેરી દ્વારા દૂધના ભાવમાં પ્રતિ લિટર રૂ.૨થી ૪ સુધીનો વધારો કરવામાં આવ્યા બાદ હવે દક્ષિણ ગુજરાતની સુમુલ ડેરી પણ દૂધના ભાવ વધારવાની તૈયારીમાં હોવાનું જાણવા મળે છે. સુમુલ ડેરીના સૂત્રોના જણાવ્યા મુજબ, નવી એમઆરપી (MRP) ધરાવતી પેકિંગ ફિલ્મની ખરીદી અને જૂનો સ્ટોક પૂરો થયા બાદ અંદાજે એક અઠવાડિયામાં નવા ભાવ લાગુ કરવામાં આવે તેવી શક્યતા છે.

અમૂલ દ્વારા ૧૨ નવેમ્બરથી દૂધના નવા ભાવ અમલમાં મૂકવામાં આવ્યા છે. અમૂલ ગોલ્ડ ફુલ ક્રીમ દૂધમાં પ્રતિ

...અનુસંધાન પાના 5 પર

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

૨૮ મી પૂણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલિ

સ્વ. સુખાભાઈ પ્રેમાભાઈ આહીર
સ્વ. તા. ૧૪-૧૧-૧૯૯૮
લિ.
જગદીશ સુખાભાઈ આહીર (પુત્ર)
નરેશ સુખાભાઈ આહીર (પુત્ર)
હસમુખ સુખાભાઈ આહીર (પુત્ર)
સંજય સુખાભાઈ આહીર (પુત્ર)
અનમોલ, સાવન, ધવલ, સ્મિત, રચિત, દેવ (પૌત્ર), અદિતિ (પૌત્રી), તથા સમસ્ત આહીર પરિવાર

અશ્રુભિની શ્રદ્ધાંજલિ

સ્વ.લક્ષ્મીબેન ભગુભાઇ આહિર
જન્મ તા.૦૫/૦૭/૧૯૬૯
સ્વ.તા.૦૭/૧૧/૨૦૨૬
સમય જીદંગીનો ઓછો હતો. ક્યાં ખબર હતી કે વિદાય આપની અણધારી હશે... સર્વત્ર સુવાસ ફેલાવીને સંભારણા સૌના દિલમાં રાખી ગયા... પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...
લિ.
હસુબેન કાન્તીભાઇ આહિર (બેન-ભાણોદ્રા)
ઇન્દુબેન મહેશભાઇ આહિર (બેન- પોપડા)
મધુબેન રમેશભાઇ આહિર (બેન-આમડપોર)
ઉષાબેન હરીશભાઇ આહિર (બેન-ભરથાણા)
તેજલબેન ચિરાગભાઇ આહિર (ભત્રીજી-પરબ)
કિંજલબેન અક્ષેનકુમાર આહિર (ભત્રીજી-દેલાડ)

દુઃખદ અવસાન – બેસણું

અ.સૌ. સ્વ. રમિલાબેન ભરતભાઈ પટેલ
સ્વ. તા. ૧૧/૧૧/૨૦૨૬
દિલગીરી સહ જણાવવાનું કે મારા ધર્મપત્નીશ્રી / અમારા માતૃશ્રી અ.સૌ. સ્વ. રમિલાબેન ભરતભાઈ પટેલ (ઉ.વ. ૫૪ વર્ષ) નું કારતક સુદ બીજને બુધવાર તા. ૧૧/૧૧/૨૦૨૬ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના. સદ્‌ગતનું બેસણું રવિવાર તા. ૧૫/૧૧/૨૦૨૬ ના રોજ સવારે ૮.૩૦ કલાકે રાખેલ છે.
લિ.
ભરતભાઈ કીકુભાઈ પટેલ - ૯૮૯૮૭૨૭૭૧૬
જય ભરતભાઈ પટેલ (પુત્ર) - ૯૧૦૬૮૨૩૧૬૮
આરતી હિરેનકુમાર પટેલ (પુત્રી)
:: નિવાસ સ્થાન ::
૫૩, સીમાનગર સોસાયટી વિ.-૨, મસાલ સર્કલ પાસે, પાલનપુર પાટિયા, સુરત.

અશુભ

સ્વ.ગોવિંદભાઈ (ભીખુભાઈ) સોમાભાઈ આહિર
સ્વ.તા.૧૩/૧૧/૨૦૨૬
(મુ. સરસાણા)
દિલગીરી સહ જણાવવાનું કે મારા પિતાશ્રી ગોવિંદભાઈ (ભીખુભાઈ) સોમાભાઈ આહિર તા.૧૩/૧૧/૨૦૨૬ના રોજ દેવલોક પામ્યા છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
સદ્‌ગતનું બેસણું: તા.૧૫/૧૧/૨૦૨૬ ને રવિવારના રોજ સવારે ૯ થી બપોરે ૧ દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
ક્રિયાપાણી: તા.૨૪/૧૧/૨૦૨૬ મંગળવારના રોજ રાખેલ છે.
લિ.
રાકેશભાઈ ગોવિંદભાઈ આહિર
બળવંતભાઈ નારણભાઈ આહિર
દિપકભાઈ નારણભાઈ આહિર
નિવાસ સ્થાનઃ ગામ સરસાણા, આહિર ફળિયુ, સુરત.

દ્વિતીય પૂણ્યતિથિ

તારીખ- 07/11/2024
ફાતેમાબેન તાહેરઅલી ભારમલ
તાહેરઅલી સાદીકઅલી ભારમલ (વોરાભાઇ)
ના પત્ની મુર્તઝા તાહેરઅલી ભારમલ તથા
મુસ્તફા તાહેરઅલી ભારમલના મમ્મી
જેને યશ - અપયશની ખેવના ન હતી, માત્ર અન્યનું કલ્યાણ કરવા માટે જેમને જીવન વ્યતિત થયું તેવા પુણ્ય આત્માને ચિર શાંતિ આપે
સ્થળઃ સુરત
મો.- 99792 68896

અનાવિલ અવસાન

સ્વ.મીનાબેન જગદીશભાઈ (જનકભાઈ) દેસાઈ
તા.૧૦-૧૧-૨૦૨૬
દિલગીરી સહ જણાવવાનું કે મારા ધર્મપત્ની/માતૃશ્રી મીનાબેન જગદીશભાઈ (જનકભાઈ) દેસાઈ તા.૧૦-૧૧-૨૦૨૬ને મંગળવારના રોજ અવસાન પામ્યા છે.પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે એવી પ્રાર્થના.
સદગતનું સંયુક્ત બેસણું
તા.૧૫-૧૧-૨૦૨૬ને રવિવારના ૨ થી ૫ કલાક દરમિયાન રાખેલ છે. (લૌકિક રિવાજ બંધ છે.)
બેસણાંનું સ્થળ
બીજો માળ, સંસ્કાર ભવન, દયાળજી આશ્રમ, મજુરા ગેટ, સુરત.
પિયર પક્ષ
સ્વ. પ્રમોદભાઈ છોટુભાઈ દેસાઈ તથા સમસ્ત છોટુભાઈ દાજીભાઈ દેસાઈ પરિવાર....
લિ.
જગદીશભાઈ (જનકભાઈ) સોમાભાઈ દેસાઈ (પતિ)
સ્વ. પ્રદિપભાઈ જગદીશભાઈ દેસાઈ (પુત્ર)
ગં.સ્વ. કાજલ પ્રદિપભાઈ દેસાઈ (પુત્રવધુ)
નીતા ગૌરવ દેસાઈ (પુત્રી)
ગૌરવ ગુણવંતરાય દેસાઈ (જમાઈ)
કાવ્યા પ્રદીપભાઈ દેસાઈ (પૌત્રી)
આસ્થા ગૌરવ દેસાઈ (દોહિત્રી)
આરૂષી ગૌરવ દેસાઈ (દોહિત્રી)
સરનામુ : ગામ-વડોદ, તા.ઓલપાડ, જી. સુરત, હાલ. આશુતોષ નગરી, જહાંગીરપુરા, સુરત

પ્રથમ પુણ્યતિથિ

સ્વ. મોહનભાઈ દલપતભાઈ પટેલ
જન્મ તા. ૧૧-૧૦-૧૯૪૭ સ્વ. તા. ૧૪-૧૧-૨૦૨૫
પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...
જીવનભર પ્રેરણામય બની પરિવારને સંપ, સહકાર અને સંસ્કારનું સિંચન કર્યું, ચંદનસમુ જીવન જીવી પરિવારને સમૃદ્ધ બનાવી સુખ સૌને આપી ગયા, આપની ઉદારતા, પરોપકારી જીવન, લાગણીશીલ સ્વભાવ કુટુંબ-સમાજ પ્રત્યેનો વાત્સલ્યભાવ અમોને સદા પ્રેરણા બક્ષશે.
આપના ગુણોને અમે અનુસરીએ એ જ હોય શકે અમારી સાચી શ્રદ્ધાંજલિ.
:: શોકાતુર ::
ગં.સ્વ. કંચનબેન મોહનભાઈ પટેલ
શૈલેષ મોહનભાઈ પટેલ (પુત્ર) ડિમ્પલ. એસ. પટેલ (પુત્રવધુ) હર્ષિલ એસ. પટેલ (પૌત્ર)
અમિષ મોહનભાઈ પટેલ (પુત્ર) પ્રિતી એ. પટેલ (પુત્રવધુ) પાર્થિવ એ. પટેલ (પૌત્ર)
વિમલ મોહનભાઈ પટેલ (પુત્ર) જુલી વિ. પટેલ (પુત્રવધુ) નિલય વિ. પટેલ (પૌત્ર)
:: નિવાસ સ્થાન ::
૪-૫, સ્વીટ ઓમ સોસાયટી, ગેઈલ ટાવરની સામે, આનંદ મહલ રોડ, સુરત.
મૂળ વતન : માસમા (વચલું ફળીયું), તા. ઓલપાડ, જિ. સુરત.

પ્રાર્થનાસભા
શ્રી નવપરગણા ભાવસાર

દિલગીરી સાથે જણાવવાનું કે મારા પત્નિ અ.સૌ. મંજુલાબેન પ્રવિણચંદ્ર ભાવસાર નું દુઃખદ અવસાન તા. ૯-૧૧-૨૦૨૬ સોમવારના રોજ થયેલ છે, પ્રભુ સદ્‌ગતના આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના
શોકાતુરઃ
પ્રવિણચંદ્ર વલ્લભદાસ ભાવસાર
સ્વ. સંજય પ્રવિણચંદ્ર - પુત્ર | સ્વ. પ્રશાંત પ્રવિણચંદ્ર - પુત્ર
જીતેન્દ્ર પ્રવિણચંદ્ર - પુત્ર | હીના જીતેન્દ્ર - પુત્રવધુ
નીલ જીતેન્દ્ર - પૌત્ર | ઝીલ નિવિદકુમાર - પૌત્રી
અનુરાધા હિમાશુંભાઈ - પુત્રી | પ્રાચી હિમાશુભાઈ - દોહિત્રી
હીમા ભૂષિતકુમાર - દોહિત્રી
પિયર પક્ષઃ
સ્વ. નાનુભાઈ વલ્લભભાઈ ભાવસાર ■ સ્વ. કાશીબેન નાનુભાઈ ભાવસાર પરિવાર (મહુવા)
પ્રાર્થનાસભા તા. ૧૫-૧૧-૨૦૨૬ રવિવારના રોજ બપોરે ૩ થી ૫ કલાક દરમ્યાન
સ્થળઃ નવપરગણા ભાવસાર સેવા સમાજની વાડી, છાપરા રોડ, નવસારી
જેપી હોમ - પરિવાર, ફોનઃ ૯૮૨૫૧ ૩૦૦૨૪

અનાવિલ અવસાન

અ.સૌ. સ્વ. તૃપ્તિ સુધીર દેસાઈ
સ્વ.તા.૧૦/૧૧/૨૦૨૬
અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે અમારા સ્વજન અ.સૌ. તૃપ્તિ સુધીર દેસાઈ નું દુઃખદ અવસાન તા.૧૦/૧૧/૨૦૨૬ ને મંગળવાર ના રોજ થયેલ છે. પ્રભુ ને ગમ્યુ તે ખરુ.
સદ્‌ગતનું બેસણું: ૧૬/૧૧/૨૦૨૬ ને સોમવાર ના રોજ બપોરે ૧ થી ૩ દરમ્યાન પાંજરાપોળ ટ્રસ્ટ, ભારતીય એજ્યુકેશન કેમ્પસ, ઘોડદોડ રોડ, સુરત ખાતે રાખેલ છે. તા. ક. લૌકિક રિવાજ સદંતર બંધ છે.
લિ.
સુધીરભાઈ ઠાકોરભાઈ દેસાઈ (પતિ) | ડો. રાજવી બી. શેઠ (બેન)
ગીતાબેન શૈલેષભાઈ દેસાઈ (ભાભી)
ખ્યાતિ મનિષ ગજ્જર (પુત્રી / જમાઈ)
રચના જયંતકુમાર શાલિગ્રામ (ભત્રીજી / જમાઈ)
તિર્થ – માન્યા – પ્રનિલ
મોબાઈલ – 98250 88506